**<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૧૬૭/૨૦૨૬ (વિરપુર પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૦૩૦/૨૦૨૬) ના કામે મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ</u>**

1. અરજદારની અરજીની ટુંક વિગત એવી છે કે, અરજદારની કાયદેસરની માલિકી કબજા ભોગવટાનો સેમસંગ કંપનીનો A34 મોડેલનો મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ. નં. 350386309348307 છે તે તા.૨૭.૦૨.૨૦૨૪ ના રોજ અપગ્રેડ મોબાઇલ શોપ, શોપીંગ સેન્ટર, સુતા હનુમાન મંદિર સામે, કોઠારીયા મેઇન રોડ, જોલી ગાઠીયા પાસે, રાજકોટ મુકામેથી ખરીદ કરેલ છે જે મોબાઇલ વિરપુર પો.સ્ટે. પાર્ટ–સી ગુ.ર.નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૦૩૦/૨૦૨૬, પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ ના કામે કબજે કરેલ છે તે મુદ્દામાલ વચગાળાની કસ્ટડી માટે પરત મેળવવા હાલની આ અરજી કરેલી છે.
2. આ કામે અરજદારની અરજી વંચાણે લીધી. અરજી અનુસંધાને રજુ થયેલ દસ્તાવેજ આધારો તથા પોલીસ અભિપ્રાય તેમજ પંચનામુ ધ્યાને લીધુ. અરજદાર તરફે વિ.વ.શ્રી અને સરકાર તરફે સરકારી વકીલશ્રીને સાંભળ્યા.
3. તપાસ કરનાર અમલદારે તેઓનો અભિપ્રાય આપેલ છે જે આંક–૪ થી રજુ છે અને તે જોવામાં આવે તો કબજે લેવામાં આવેલ મુદ્દામાલ મોબાઇલ ફોન અરજદારને પરત નહીં સોપવા અભિપ્રાય આપેલ છે.
4. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે જ્યારે અરજદારે અરજી કરેલ છે ત્યારે તેનો નિર્ણય કરતી વખતે પ્રાયમાફેસી અરજદારની મુદ્દામાલ ઉપરની માલિકી જોવાની રહે છે અથવા તો તેનો કાયદેસરનો કબજો જોવાનો રહે છે. હવે આ કામે અરજદાર તરફે રજુ કરવામાં આવેલ આંક–૩ ના લીસ્ટના કાગળો જોતા નિ. ૩/૧ થી નિ. ૩/૩ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે તે વંચાણે લેતા પ્રથમ દસ્તાવેજ અરજદારના આધાર કાર્ડની ખરી નકલ છે તથા બીજો દસ્તાવેજ મોબાઇલ ખરીદ કર્યાના અપગ્રેડ મોબાઇલ શોપ, શોપીંગ

સેન્ટર, સુતા હનુમાન મંદિર સામે, કોઠારીયા મેઈન રોડ, જોલી ગાઠીયા પાસે, રાજકોટ ના GST No. 24AAHFU8065A1ZA ની ખરી નકલ છે તથા ત્રીજો દસ્તાવેજ એફ.આઈ.આર.ની ઝેરોક્ષ નકલ છે. જે લક્ષમાં લેતા કબજે કરવામાં આવેલ સેમસંગ કંપનીનો A34 મોડેલનો મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઈ.આઇ. નં. 350386309348307 વાળા મોબાઈલ ફોનના માલિક હાલના અરજદાર હોવાનું ફલિત થાય છે. જેથી, અરજદારને મુદ્દામાલ મોબાઇલ વચગાળાની પરત કસ્ટડી તરીકે સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું મારૂ નમ્ર પણે માનવુ છે.

5. વધુમાં ના. સુપ્રિમ કોર્ટે સુંદરલાલ આંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો કેસ કે જે જી.એલ.આર. ૨૦૦૩(૨) પાના નં. ૧૩૩૭ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ ગાઇડલાઇન મુજબ, કબજે કરેલ મુદ્દામાલ અરજદારને નીચેની શરતોને આધિન કામ ચલાઉ ધોરણે પરત સોંપવુ વ્યાજબી જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-॥ હુકમ ॥-</u>**

- આ કામના અરજદાર રીયાજ ઉર્ફે પીન્ટુ આમદભાઇ હેરંજા, રહે. નિલકંઠ પાર્ક, મેઇન રોડ, રાજકોટનાએ સેમસંગ કંપનીનો A34 મોડેલનો મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઈ.આઇ. નં. 350386309348307 છે તેની કિંમતના દોઢી રકમના જામીન એટલે કે રૂા.૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર પુરા) તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન કામચલાઉ ધોરણે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ-</u>**

1. અરજદારે જ્યારે અને જ્યાં નામદાર કોર્ટ મંગાવે ત્યારે તુરંત મુદ્દામાલ મોબાઇલ રજુ કરવાનું રહેશે.

2. અરજદારે મુદ્દામાલ મોબાઈલ અન્ય કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવુ કરાવવું નહીં.
3. મુદ્દામાલ મોબાઈલના પ્રકારમાં કોઈપણ જાતનો ફેરફાર કરવો નહીં અને તેની યથાવત સ્થિતિ જાળવી રાખવી.
4. અરજદારે મુદ્દામાલ મોબાઈલનો કોઈ ગુન્હાહિત કૃત્યમાં ઉપયોગ કરવો કરાવવો નહીં.
5. અરજદારે બોન્ડ તથા જામીન સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાના રહેશે.
6. સંબંધિત કર્મચારીએ જો સદર કામે ચાર્જશીટ થઇ ગયેલ હોય તો ફોજદારી કેસમાં સદર અરજીનું તમામ રેકર્ડ હુકમ સાથે સામેલ રાખવું અને જો ચાર્જશીટ થયેલ ના હોય તો સંબંધિત કર્મચારીએ ચાર્જશીટ થયેથી સદરહું અરજીનું તમામ રેકર્ડ હુકમ સાથે ફોજદારી કેસમાં સામેલ રાખવું.
7. આ હુકમ સંબંધે સંબંધિત પોલીસ સ્ટેશનમાં યાદી કરવી.

હુકમ આજરોજ તારીખ–૧૬ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળઃ જેતપુર

તારીખઃ ૧૬.૦૪.૨૦૨૬

.....................................

( પ્રણવ દિલીપકુમાર મોદી )

એડી. ચીફ જયુડી. મેજી., જેતપુર.

જજ કોડ જીજે૦૧૨૦૨.

.............................................

A.C.J.M., JETPUR.